# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/340 Dt. 20/02/2026

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# સુરતમાં MMF ટેક્સટાઈલ પર બજેટ અને ભૂરાજકીય અસરો અંગે સેમિનારનું સફળ આયોજન

## ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ ખજાનચી સીએ મિતિશ મોદીએ MMF ટેક્સ્ટાઈલ પર બજેટની અસરો અંગે વિસ્તૃત છણાવટ કરી

**સુરત:** ધ ટેક્સટાઈલ એસોસિએશન (ઇન્ડિયા) (ટીએઆઈ)ના દક્ષિણ ગુજરાત એકમ દ્વારા 12 ફેબ્રુઆરી, 2026ના રોજ અડાજણ સ્થિત ક્ષિતિજ બેન્ક્વેટ હોલ ખાતે "ઈમ્પેક્ટ ઓફ બજેટ એન્ડ જીઓપોલિટિકલ ડેવલપમેન્ટ્સ ઓન એમએમએફ ટેક્સટાઈલ્સ" વિષય પર એક મહત્વપૂર્ણ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સુરત પીપલ્સ બેંક પ્રાયોજિત આ કાર્યક્રમમાં ઉદ્યોગ જગતના અગ્રણીઓ, ટેક્નોક્રેટ્સ અને નિષ્ણાતોએ બહોળી સંખ્યામાં હાજરી આપી હતી.

આ પ્રસંગે ચેમ્બર વતી ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી મિતિશભાઈ મોદી મુખ્ય નિષ્ણાત વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ સેમિનાર દરમિયાન કેન્દ્રીય બજેટ 2026ની અસરો પર ઊંડાણપૂર્વક છણાવટ કરતા તેમણે કહ્યું કે, બજેટમાં કરવામાં આવેલી નેશનલ ફાઈબર સ્કીમની જાહેરાત આવકારદાયક છે. આ સ્કીમમાં MMF (મેન-મેડ ફાઈબર)નો પણ સમાવેશ કરવામાં આવ્યો છે, જે સુરત જેવા એમએમએફના મોટા ટેક્સટાઈલ હબ માટે આશીર્વાદરૂપ સાબિત થશે. કૃષિ પછી બીજા સૌથી મોટા રોજગારી આપતા શ્રમ સઘન ટેક્સ્ટાઈલ સેક્ટર માટે સંકલિત પ્રોગ્રામ જાહેર કરાયો છે.

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી મિતિશભાઈ મોદીએ પ્રથમ સત્રમાં બજેટની જોગવાઈઓનું વિશ્લેષણ કરતા જણાવ્યું હતું કે:

• કાચા માલ પરની કસ્ટમ ડ્યુટીમાં ફેરફાર ઉદ્યોગોના ખર્ચ માળખાને સકારાત્મક અસર કરશે.

• કરવેરા સુધારા MSME અને ટેક્સટાઈલ પ્રોસેસર્સ માટે નવા દરવાજા ખોલશે, ઈઝ ઑફ ડુઈંગ બિઝનેસને પ્રોત્સાહન આપશે.

• ઉત્પાદન અને નિકાસ માટેના પ્રોત્સાહનો ભારતને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવશે.

બીજા સત્રમાં TMMA(I)ના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી સચિનકુમાર અરોરાએ યુરોપિયન યુનિયન સાથે FTA અને યુએસએ સાથેના વેપાર સંબંધો પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે સમજાવ્યું કે કેવી રીતે સાનુકૂળ વેપાર કરારો ચીન, વિયેટનામ અને બાંગ્લાદેશ સામે ભારતની સ્પર્ધાત્મકતા વધારી શકે છે.